 ISSN: 2349-6002

# ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સામાજિક જવાબદારી એક અધ્યયન

પ્રા. પૃથ્વેન્દ્રસિંહ. વી. મોરી

*સમાજશાસ્ત્ર વિભાગ મુછાળી માં ગિજુભાઈ બધેકા સરકારી વિનયન કોલેજ વલભીપુર*

*doi.org/10.64643/IJIRTV12I8-191397-459*

***Abstract*—**શિક્ષણ સંસ્થાઓનું મૂળભૂત કાર્ય માનવીની સર્જનાત્મક શક્તિઓને વિકસાવી વિસ્તારીને જ્ઞાન ઉપાર્જન કરવાનું છે એટલે જ શિક્ષણ સંસ્થા શક્તિનો સ્ત્રોત છે એવું કહેવાય છે અને એટલે જ માનવ સમાજમાં શિક્ષણનું મહત્વ જોઈ શકાય છે શિક્ષણ માનવીને નવી દ્રષ્ટિએ આપે છે સાથે જ જ્ઞાનની નવી ક્ષિતિજો વિકસાવે છે માટે જ એવું કહીએ છીએ કે વિદ્યા ગુપ્ત ધન છે જેને કોઈ ચોરી શકતું નથી પરંતુ ઉપયોગ કરવાથી તેમાં વૃદ્ધિ થાય છે પ્રાચીન સામાજિક ઇતિહાસ તપાસીએ તો રાજાઓ વિદ્વાન શિક્ષણ વિદો ની નિર્ણાયાત્મક પ્રક્રિયામાં સલાહ સુચન અને માર્ગદર્શન લેતા હતા એટલે જ તે સમયે વિધવાનો અને શિક્ષણકારોની પૂજા થતી હતી. શિક્ષણના હક અંગે પ્રાચીન થી પ્રવર્તમાન સમય સુધી અસમાનતા રહીશ ઉરચ શિક્ષણ અંગેના હક સંબંધીત માપદંડમાં આર્થિક માપદંડ મહત્વનું પરિબળ જોઈ શકાય છે વર્તમાન સમયમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ક્રમશઃ વિકાસ થયો છે ઉચ્ચ શિક્ષણની કોલેજો ટેકનિકલ વ્યવસાયિક કોલેજોની સંખ્યા વધી છે વિદ્યાર્થીને સંખ્યામાં પણ ઉતરોતર વધારો થયો છે જે તે વિષયની માંગ મુજબ વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે અને સંશોધનના અંતે ગુણવત્તા વધી છે પ્રવર્તમાન સમયમાં પ્રાથમિક શિક્ષણથી બાળકને કોમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવે છે એટલે જ તેની સર્જનાત્મક શક્તિ વધવા તરફ જાય છે આમ સમાજમાં સમય સંજોગો અને સામાજિક પરિસ્થિતિ સતત બદલાયા કરે છે બદલાતા પરિઘમાં શિક્ષણ ની જવાબદારી પણ બદલાય છે આઝાદી બાદ ઉચ્ચ શિક્ષણ ની જવાબદારીમાં વૃદ્ધિ થઈ છે શિક્ષણનું કામ ફક્ત શિક્ષણ આપવા પૂરતું મર્યાદિત રહ્યું નથી શિક્ષણની અનેકવિધ સામાજિક જવાબદારીઓ વધી છે જેમાં ખાસ કરીને શિક્ષણ વ્યાપક સમાજના હિત સાથે સમાજ કલ્યાણ સાથે જોડાયેલું છે એટલે જ શિક્ષણમાં સમાજના સવાલોનું પર્યાવરણનું નીતિનું કાયદાનું રાષ્ટ્રીયતાનું ચારિત્ર ઘડતરનો શિક્ષણ આપવામાં આવે છે સાથે જ ભવિષ્ય ના સંદર્ભમાં કેવી નવી સામાજિક પરિસ્થિતિ ઉભી થશે અને કેવું શિક્ષણ આપવું અનિવાર્ય બનશે તે અંગે ચિંતન થાય છે તેનું ફ્ પ્રિ પ્લાનિંગ શિક્ષણ સંસ્થાઓમાં સેમિનારો કોન્ફરન્સો અને વર્કશોપ માં વિષય સંબંધીત નિસબતના સંદર્ભમાં બૌદ્ધિક કસરત કરવામાં આવે છે અને એટલે જ દરેક શિક્ષણવિદો સંશોધકો રાષ્ટ્ર અને સમાજ ના બારામાં હંમેશા ચિંતન અને મનન કરતા રહ્યા છે સમાજમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની કેટલીક રાષ્ટ્રીય જવાબદારીઓ સામાજિક આર્થિક જવાબદારીઓ પણ હોય છે જે સંબંધિત સંશોધનો કરીને સરકારને સામાજિક કાનૂન ને સલાહ સુચન અને માર્ગદર્શન આપે છે અને કરવા યોગ્ય કાર્ય ની સમજૂતી આપે છે ઉચ્ચ શિક્ષણ સંસ્થાની અહીં સામાજિક જવાબદારીઓની વાત કરીએ તો ઉચ્ચ શિક્ષણ સંસ્થા સામાજિક ભેદભાવ દૂર કરવા અને સમાજમાં રહેલા સામાજિક અંતરમાં ઘટાડો કરવાની જવાબદારી તેવી જ રીતે સમુદાય ની શક્તિઓને સમજે અને માર્ગીકૃત કરે છે તેવી જ રીતે આયોજિત અને ટકાઉ વિકાસ સંબંધીત ઉચ્ચ શિક્ષણ હંમેશા સંશોધન કરીને સલાહ સૂચન અને માર્ગદર્શન આપે છે આ ઉપરાંત સામાજિક સમસ્યાના ઘટાડવાના પ્રમાણિત માર્ગો પૂરા પાડવાની જવાબદારી લે છે તેમજ સમાજમાં સામાજિક એકતા લાવી અનુકામ સંવાદિતા સ્થાપવાનું કામ અને જીવનની ગુણવત્તામાં વૃદ્ધિ કરવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાની જોઈ શકાય છે આ ઉપરાંત નવી શોધખોળ કરે સમાજમાં સામાજિક પરિવર્તન સર્જવાની જવાબદારી તેમજ ખોટા ખ્યાલો દૂર કરવાની જવાબદારી પણ ઉચ્ચ શિક્ષણ સંસ્થાની જોઈ શકાય

 ISSN: 2349-6002

**છે ઉચ્ચ શિક્ષણ સંસ્થા દ્વારા નવા સંશોધનો હાથ ધરવામાં આવે અને વર્તમાન પરિસ્થિતિથી પ્રજાને માહિતગાર કરવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની જોઈ શકાય છે આમ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ એ સમાજની આંખો છે શિક્ષણ સમાજનો અરીસો છે શિક્ષણ સમાજનો ધબકાર છે સમાજ ઘડતરનું મહત્વનું અંગ છે એટલે શિક્ષણથી સતત નવોન્મેષ નવા જ્ઞાનનું સર્જન થતું રહે છે નવા નવા સંશોધનો હાથ ધરાતા રહે છે અને બદલાયેલી પરિસ્થિતિની સાથે શિક્ષણ સંસ્થાઓ તેની સામાજિક નિસબત અધા કરે છે**

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ની સામાજિક જવાબદારીઓ કે સામાજિક નિસબત

શિક્ષણનો મૂળભૂત કાર્ય જ્ઞાન ઉપાર્જન નું હતું સમય સંજોગો અને સામાજિક પરિસ્થિતિ હોય એ સંશોધન ક્ષેત્રે વિશ્વ વ્યાપ વિસ્તાર્યું અને સંશોધનના અંતે નવોન્મેષ નવા જ્ઞાનનું સર્જેન થતું રહે છે સાથે જ મહત્વના સૂચનો પણ સંશોધનના અંતે મળે છે સંશોધનના હેતુના આધારે બે પ્રકાર છે શુદ્ધ સંશોધન અને વ્યવહાર લક્ષી સંશોધન સંશોધન નું બીજું કાર્ય સમાજ વ્યવહારમાં ઉપયોગી થવાનું છે સમાજ જીવનની પરિસ્થિતિ ની હકીકતલક્ષી માહિતી એકત્ર કરીએ અને કારણો આપવાનો છે સમાજ જીવનની સમસ્યાઓ નું પ્રમાણ ઘટે તે સંબંધી સલાહ સૂચનો અને માર્ગદર્શન આપવાનું છે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સાંપ્રત સમયમાં 20 મી સદીમાં સમાજ જીવનની તાસીર અને તસવીરના સંદર્ભમાં સામાજિક જવાબદારીઓ જો જોઈએ તો

1. સામાજિક ભેદભાવ દૂર કરવા સાથે જ સામાજિક અંતરમાં ઘટાડો કરવાની અને રાષ્ટ્રીય એકતા કરવાની જવાબદારી

ભારતીય સમાજ વ્યવસ્થામાં અર્પિત દરજ્જા નુ મહત્વ સવિશેષ પ્રમાણમાં પ્રારંભિક કાળથી જોઈ શકાય છે સ્વતંત્રતા બાદ અર્પિત દરજ્જાના સ્થાને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ પ્રાપ્ત દરજ્જા નું મહત્વ વધાર્યું અને પ્રાપ્ત દરજ્જા થી વ્યક્તિનું આત્મ ગૌરવ વધે છે માન પ્રતિષ્ઠામાં પણ વૃદ્ધિ થાય છે જેના કારણે શિક્ષણથી ઉચ્ચ દરજ્જાઓ પ્રાપ્ત કરી શકાય છે અને ભારત કલ્યાણ રાષ્ટ્ર તરીકે નિમ્ન પછાત વંચિત શોષિત દલિત આદિવાસી મહિલા શિક્ષણ માટે કો ઓપરેટ કરતા થયા છે ફી માફી ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ આપીને નિમ્ન આર્થિક અને સામાજિક દરજ્જા ધરાવનારાને પણ શિક્ષણની તકો મળતી થઈ છે એટલે ઉચ્ચ જ્ઞાતિમાં જન્મેલો ઉચ્ચ ગણાય અને નિમ્ન જ્ઞાતિમાં જન્મેલો નિમ્ન ગણાય જેવી જળ માનસિકતા પરંપરાગત સમાજમાં પ્રવર્તિતિ હતી તે સાંપ્રત સમયમાં શિક્ષણના કારણે મળતા હકથી નામોનેશ થઈ છે ટૂંકમાં સ્વ પ્રયત્નોમાં પરિણામે વ્યક્તિ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરતો થયો છે એટલે વ્યક્તિ મહેનત કરીને ઉચ્ચ સ્થાન પણ પ્રાપ્ત કરી શકે છે સાથે જ સમાજમાં શિક્ષણના લીધે વૈચારિક પરિવર્તન આવ્યું છે જેના કારણે સામાજિક અસમાનતાઓ કે સ્તર આધારિત કોટી ક્રમિક વ્યવસ્થા નું મહત્વ ઘટ્યું છે અને શિક્ષણથી પોતાનો સ્વા દરજ્જો અને પોતાની સામાજિક આર્થિક સ્થિતિ સુધારી શકાય છે સાંપ્રત સમયમાં શિક્ષણમાં લેંગીકતા ના જે તફાવત હતા તેનું પ્રમાણ પણ ઘટ્યું છે સ્ત્રી શિક્ષણ અંગેનું મહત્વ વધ્યું છે અને પુત્રની સરખામણીમાં સ્ત્રીના ગુણાત્મક શિક્ષણમાં પરિવર્તન આવ્યું છે અને સ્ત્રી પુરુષ સમાનતા ના વલણો વિકસતા જાય છે શિક્ષણના કારણે સ્ત્રી શિક્ષણ સંબંધિત નવા ખ્યાલોનું સર્જન થયું છે શિક્ષણથી પુત્ર પુત્રી સમાન છે એવી લોક લાગણી સમજદાર સભાન સમાજમાં ઊભી થઈ છે ટૂંકમાં જ્ઞાતિ જાતિ જન્મ ઉછેર નો ભેદભાવ ઓછો થયો છે લોકમાનસમાં રહેલું સામાજિક અંતર ઓછું થવા તરફ જાય છે તેમાં પણ નગર સમુદાયમાં આ વલણોમાં શક્ય એટલું પરિવર્તન

ISSN: 2349-6002

આવ્યું છે તેથી જુદી જુદી જ્ઞાતિ જાતિ ધર્મ સંપ્રદાય પ્રત્યે સમાનતાના વલણો બંધુતા ના ખ્યાલો વિકસ્યા છે ટૂંકમાં ઉચ્ચ શિક્ષણથી દરજ્જા પરિવર્તન શક્ય બન્યું છે કાર્યમાં વિશિષ્ટીકરણ આવ્યું છે આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે અને સમાનતા કંઈક અંશે શક્ય બને છે શિક્ષણ એ માનવ સમાજ ની અંદર રહેલા ભેદભાવો અને સામાજિક અંતર ઘટાડવાના હેતુથી અભ્યાસક્રમોમાં સમાવિષ્ટ મુદ્દાઓ અધ્યયન તરીકે લેવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ માહિતગાર બને અસમાનતા ના વલણો ઘટાડી શકાય તે દિશામાં બ્રેઇન વોશ કરવાનું કામ શિક્ષણ એ પોતાની સામાજિક જવાબદારી છે તેમ માનીને કર્યું છે

2. સમુદાયની બહુવિધ શક્તિઓને માર્ગીકૃત કરે છે

સમાજમાં કોઈપણ વ્યક્તિ હોય જૂથ હોય સંગઠનો હોય કે સમુદાય હોય દરેક માં વિપુલ પ્રમાણમાં ક્ષમતા અને શક્તિઓ રહેલી છે આ ક્ષમતાઓને અને શક્તિઓને હકારાત્મક માર્ગ તરફ વાળવાનું મહત્વનું જો કોઈ કાર્ય કરતું હોય તો શિક્ષણ સંસ્થા દ્વારા યુવા વર્ગની સર્જનાત્મક શક્તિઓને વિકસાવીને હકારાત્મક માર્ગ તરફ વાળવાનું કાર્ય ઉચ્ચ શિક્ષણ કરે છે શિક્ષણ સંસ્થામાં અભ્યાસુ સૌ વિદ્યાર્થીઓમાં નકારાત્મક વિચારો નકારાત્મક માર્ગ તરફથી વિદ્યાર્થીને વાળવાનું કાર્ય શિક્ષણના વિદ્વાનો ઘડતર કરનારાઓ કરે છે અને તેના કારણે જ નવસર્જન ની વિપુલ શક્તિઓ યુવાનોમાં ઊભી થાય છે અને તે સતત પ્રયત્નશીલ રહે છે અને એટલે જ એવા યુવાનોને એક્ટિવ યુવાન તરીકે ઓળખાવી શકીએ છીએ શિક્ષણથી જે વંચિત રહે છે તે વ્યક્તિમાં જાગૃતતા નો અભાવ હોય છે અને તેના મનમાં વૈચારિકતા ના અભાવ હોવાના કારણે તે પોતાની સ્વ ની શક્તિ અને ક્ષમતા ને ઓળખી શકતો નથી અને એટલી જ તે નકારાત્મક માર્ગ તરફ વળે છે ઘણીવાર ગરીબ પછાત આર્થિક સ્થિતિ ધરાવનારા કુટુંબમાં રહેલા બાળકોની અંદર પણ નકારાત્મક વલણ વિકસે છે અને તે નકારાત્મક રસ્તા તરફ દોરવાઈ જાય છે તેવી શક્યતાઓ રહેલી છે શિક્ષણથી માનવીય જૂથ કે સમુદાયની શક્તિ હકારાત્મક માર્ગ તરફ વળે છે વ્યક્તિના જળ વલણો વિચારો આવીશ યુક્ત વિચારો ક્રોધિત મગજ નો અને દુષણો સંબંધીત વિચારો ની જગ્યાએ શિક્ષણ વૈજ્ઞાનિક અને પ્રવાહિત વિચારો આપે છે માનવીને વિવેકી બનાવે છે જેથી તેના વર્તન અને વ્યવહારમાં તેનો પ્રભાવ જોઈ શકાય છે તેમ જ શિક્ષણ વ્યક્તિના રૂબીસ વિચારોનો બ્રેઇન વોશ કરે છે એટલે શિક્ષણના કારણે જળ વિચારો જળ વલણ તૂટે છે જળ માનસિકતા તૂટે છે એટલે સમાજમાં શિક્ષણ માનવીને રસ્તાના ડ્રાઇવરજન સમજાવે છે કયો રસ્તો કયા વિકાસ તરફ લઈ જાય છે તે અભ્યાસુઓને બતાવે છે જીવનમાં સંઘર્ષનું પ્રમાણ ઘટાડે છે અને શિક્ષણથી જીવન ગુણોત્તર સુધારી શકાય તે સમજાવે છે શિક્ષણના કારણે જ વ્યક્તિ માહિતગાર થયો છે ટૂંકમાં વિશ્વમાં દેશના કયા ખૂણામાં શું ચાલી રહ્યું છે તેનાથી શિક્ષણના કારણે આજના યુવાનો અને માનવીઓ માહિતગાર થયા છે ટૂંકમાં વ્યક્તિ માર્કેટથી કિંમતથી જાણકાર થયો છે એટલે છેતરા તો બંધ થયો છે તેમજ શાહુકારના વ્યાજ દર અને બેંક નો વ્યાજ દર શું છે ત્યાંથી વાકેફ હોવાના કારણે શાહુકારના શોષણનો ભોગ બનતો નથી દુષ્કાળ અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિમાં ખેડૂતોની હાલત હોય છે આ કંગાળ જીવનની પરિસ્થિતિમાં સરકાર દ્વારા પાક વીમા યોજના દ્વારા આર્થિક મદદ મળે છે સાથે જ ખેડૂતો હું દેવું માફ થાય છે એટલે ખેડૂતો અપરાધના રસ્તે વળતા બંધ થયા છે સાથે જ ખેડૂતોમાં આપઘાતનું પ્રમાણ ઘટાડી શકાયું છે ટૂંકમાં આ બધી જ માહિતી બધા જ માર્ગો વગેરેની માહિતી તેમજ સહકારી પ્રવૃત્તિ સંગઠન ચળવળ

 ISSN: 2349-6002

માનવ અધિકાર વિશેની કાયદા વિશેની સમસ્યાના નિવારણ વિશેની વિકાસ યોજના ની લાભાનવિત તકો સંબંધી માહિતી શિક્ષણના કારણે સમજતા થયા છે અને આ માહિતીથી વ્યક્તિ જૂથ સંગઠન અને સમુદાયની વ્યક્તિ ને શિક્ષણની શિક્ષણની તક આપીને માર્ગીકૃત કરી શકાય છે ટૂંકમાં બધા જ સમુદાય માટે શિક્ષણ હોકાયંત્ર સમાન કે દીવાદાંડી સમાન છે એટલે જ કહેવાયું છે કે શિક્ષણ એ સમાજની આંખો છે અને આ આખો દ્વારા જ દ્રશ્ય જોઈ શકાય છે અને વ્યક્તિને માર્ગદર્શન પૂરું પાડી શકાય છે પ્રવર્તમાન સમયમાં સામુદાયિક દ્રષ્ટિએ જો જોઈએ તો ગ્રામીણ નગર અને આ આદિવાસી ત્રણેય સમુદાયની ભૌગોલિક સામાજિક સાંસ્કૃતિક આર્થિક વ્યવસાયિક સ્થિતિ ભિન્નતા સભર છે એટલા જ માટે સરકાર ખાસ પછાત વંચિત સમુદાયના લોકોને મફત શિક્ષણની તકો પૂરી પાડે છે અને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક અનુદાન આપીને પછાત સમુદાય પછાત વિસ્તાર ના માનવીઓને ઉત્તમ જીવનની તકોથી જોડવા માટે શક્ય એટલી સહાયક યોજનાઓ બહાર પાડે છે ટૂંકમાં શિક્ષણ સંસ્થા સામુદાયિક વિકાસ માટે કેન્દ્રસ્થ ગણાય છે

3. આયોજિત અને ટકાવ વિકાસ સંબંધીત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની જવાબદારી

સમાજમાં સમય સંજોગો અને સામાજિક પરિસ્થિતિ સતત પરિવર્તિત થયા કરે છે આ બદલાતા પરીઘ સાથે સમાજ જીવનની સમસ્યાઓ અને વિકાસના ખ્યાલો પણ બદલાતા રહેશે સાંપ્રત સમયમાં વિકાસ ના મોડેલ પણ બદલાયા છે એટલે વિકાસ સંબંધીત પૂર્વે જે ખ્યાલ હોય તે ચાલુ તૂટે અને નવા ખ્યાલો વિકસે કારણ કે પૂર્વે માનવીની માથાદીઠ આવક માનવીનો માથાદીઠ ખર્ચ અને માનવી નું સાતત્ય જાળવવા માટે જરૂરી આવક નું મૂલ્યાંકન થતું હતું પૂર્વે અસ્તિત્વના સાતત્ય માટે માનવીની માથાદીઠ આવક તે સમય સંબંધીત જરૂરી હતી વર્તમાન સમયમાં આર્થિક સ્થિતિમાં મોંઘવારીમાં મહત્તમ પ્રમાણમાં બદલાવ આવ્યો છે એટલે રાષ્ટ્રીય આવક માનવીની માથાદીઠ આવક સાથે જોડાયેલી હોય છે એટલે પૂર્વે જે તે વસ્તુઓની બજાર કિંમત હતી તેની આજે બમણી કિંમત ઉપરાંત થઈ છે એટલે વ્યક્તિ ની રોજગારીનો દર મોંઘવારીના ખ્યાલ સાથે બદલાયો છે એટલે જ પ્રાચીન વિકાસનો ખ્યાલ આજે જોવા મળતો નથી અને વિકાસનો બહુમુખી ખ્યાલ આજે અસ્તિત્વમાં આયો છે સમયાંતરે મોંઘવારી નો ગ્રોથ વધ્યો છે તે હું માનવરોજગારી નો દર પણ વધ્યો છે તેમ માથાદીઠ આવક માં પણ વધારો કરવો જરૂરી બન્યો છે આજે ટકાવ વિકાસનો ખ્યાલ તમામ ક્ષેત્રમાં સ્વીકાર્ય બન્યો છે માનવ જીવનના તમામ ક્ષેત્રમાં ગુણાત્મક પરિવર્તન એટલે વિકાસ દાખલા તરીકે શિક્ષણ આરોગ્ય કૃષિ પશુપાલન ઉદ્યોગ ગ્રામીણ જીવનશૈલી સ્ત્રીઓની આર્થિક સ્થિતિ આ બધામાં વિકાસક્રમ આગળ પ્રગતિ કરે ત્યારે વિકાસ થયો અને જે આવનારી પેઢી માટે ઉપયોગી બને એવા વિકાસને ટકા વિકાસ કરી શકાય ટૂંકમાં આર્થિક વિકાસથી સામાજિક વિકાસ સર્જાય અને માનવ જીવનની જીતે સ્થિત સ્થિતિમાં સુધારો થાય માનવીની સામાજિક શૈક્ષણિક આર્થિક વ્યવસાયિક તમામ સ્થિતિમાં પરિવર્તન સર્જાય ત્યારે ટકાવ વિકાસ થયો એમ કહેવાય ટકાવ વિકાસ એટલે વિસોર્સને રિવિઝન કરવા પુનઃસ્થાપિત કરવા આવનારી પેઢીને વિકાસનો સાતત્ય જાળવવામાં જોતરીને ભવિષ્યના લોકોને વિકાસમાં મદદરૂપ થાય એવા વિકાસને ટકાઉ વિકાસ કે નિરંતર વિકાસ તરીકે ઓળખાવી શકાય વિકાસનો સાતત્ય જળવાઈ તો જ વિકાસનું ફળ મળે ટૂંકમાં સમાજમાં આયોજિત વિકાસ ઇચ્છિત વિકાસ અને ટકાવ વિકાસની વાત ઉચ્ચ શિક્ષણ

સંસ્થા ઓ કરે છે ઉચ્ચ શિક્ષણ સંસ્થા કે તાલીમ ની શિક્ષણ સંસ્થા આ સંબંધી વ્યાપક પ્રમાણમાં સંશોધનો હાથ ધરીને સરકાર રાષ્ટ્ર અને સમાજને તેની નવી દિશા સલાહ સૂચન અને માર્ગદર્શન આપે છે ટૂંકમાં લોકોને આયોજિત અને ટકાવ વિકાસનું જ્ઞાન આપવાનું કાર્ય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા થાય છે અને તેથી જ ટકાવ વિકાસ ના ખ્યાલો સમાજના લોક માનસમાં સસ્થિકૃત થતા જાય છે

**4**. સમાજમાં સામાજિક સમસ્યા ઘટાડવાના માર્ગો પુરા પાડવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ પૂરી પાડે છે સમાજમાં જે કંઈ તકલીફ દુખ પીડા સમસ્યા ઓ છે તે ઈશ્વરીય દેન છે તેવું વિધાન નિરક્ષણ અથવા તો અજ્ઞાની કે અશિક્ષિત લોકો હોય છે તે એવું માને છે ખાસ કરીને સમાજમાં સમસ્યા નું સર્જન થવા માટેના ચોક્કસ કારણો હોય છે જે તે સમસ્યા સમાજના લોકોને બહુ જ રીતે વ્યાપક પ્રમાણમાં અસર કરતા બને છે અને સમાજ અને સરકાર ના સૈયારા પ્રયત્નોના અંતે જે તે સમસ્યાઓ નો અંત લાવી શકાય છે કે દૂર કરી શકાય છે આ સમસ્યા સંબંધી શિક્ષિત લોકોનો વ્યાપક સમાજમાં થયેલો ખ્યાલ છે એટલે જ જે તે સમસ્યા ના ઉદભવના પ્રમાણભૂત અને આધારભૂત કારણો શોધવાનું કાર્ય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને તાલીમી સંસ્થાઓ અને સંશોધન સંસ્થાઓ દ્વારા હાથ ધરાઈ છે અને જે તે સમસ્યાના સંદર્ભમાં સંશોધન કરીને જે તે સમસ્યાના પ્રમાણભૂત કારણો તેની બહુવિધ અસરો અને જે તે સમસ્યા ના નિવારણમાં સરકાર અને સમાજની કયા પ્રકારની સહભાગીતા અનિવાર્ય છે તે દર્શાવે છે અને તેના દ્વારા જે તે સમસ્યાની માત્રા ઘટાડવાના સંનીષ્ટ પ્રયત્નો સતત જે તે દેશમાં સરકાર અને સમાજ ના લોકો દ્વારા થતા રહે છે ખાસ કરીને સાંપ્રત સમયમાં પર્યાવરણ સંબંધી આરોગ્ય વિષયક સમસ્યા નો વિશ્વ વ્યાપ વધતો ચાલ્યો છે જેના અંગે વિશ્વના દેશો સેમિનારો કોન્ફરન્સો યોજીને ચિંતન અને મન કરતા થયા છે અને જે તે સમસ્યા ઘટાડે કે ઓછી કરી શકાય તે દિશામાં માર્ગો સૂચિત કરતા થયા છે ખાસ કરીને સાંપ્રત સમયમાં અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ દુષ્કાળ ભૂકંપ વાવાઝોડું જેવી કુદરતી સમસ્યાઓ ઈશ્વરને દેન છે અને તે પાપ અને પુણ્યાના ખ્યાલ સાથે જોડાયેલી છે તેવું શિક્ષણ મેળવેલા લોકો માનતા નથી તેને એક પ્રકારની અંધશ્રદ્ધાનો ખ્યાલ છે આવા વિચારો અંધ વિચારો છે તેવું માને છે ટૂંકમાં દરેક ક્રિયાને ઈશ્વરીયા શક્તિ સાથે મૂલ્યાંકિત ન કરવી જોઈએ જેમણે શિક્ષણ મેળવ્યું છે તેવો જ પરંપરાગત વલણ નો વિરોધ કરે છે તે સમસ્યાના સંદર્ભ સર્જન માટે માન્ય કારણો તપાસશે જે તે સમસ્યાની બહુવિધ અસરો જોશે અને સમસ્યાના નિવારણ માટેના સૂચિત માર્ગો અપનાવશે અશિક્ષિત લોકો જેવું લોક વલણ નહીં દાખવે કારણકે શિક્ષણથી જ વ્યક્તિ માં વૈચારિક પરિવર્તન ઉદભવ્યું હોય છે ઉદાહરણ તરીકે જોઈએ તો વસ્તી વૃદ્ધિની બાબતને અસિક્ષિત વ્યક્તિ ઈશ્વરીય દેન છે કેમ ગણાવે છે તેમજ છોકરો કે છોકરી જન્માવનાર પણ ઈશ્વર છે તેવું વલાણ અને માન્યતા ધરાવે છે ટૂંકમાં ઈશ્વરની ઈચ્છા વગર કશું જ થતું નથી એવું વલણ અને માન્યતા ધરાવે છે અને વસ્તી વૃદ્ધિની બાબતમાં માનવી પોતાનો હસ્તક્ષેપ ન કરી શકે એવું માને છે જેને મને શિક્ષણ મેળવ્યું છે તે વસ્તી વૃદ્ધિની ઘટનામાં પુરુષ નિર્ણાયક છે તેમ માને છે નહીં કે ઈશ્વર વસ્તી વૃદ્ધિ માટે જવાબદાર કારણો આપશે તેની અસરો તપાસશે અને વસ્તી વૃદ્ધિ માટેના નિવારણના વૈજ્ઞાનિક માર્ગો અપનાવશે ટૂંકમાં સાંપ્રત સમયમાં પર્યાવરણ સંબંધીત બહુવિધ સમસ્યાઓનું સર્જન થયું છે વાતાવરણ પ્રદૂષિત થયું છે જંગલોનું પ્રમાણ ઘટ્યું છે નગરમાં સ્થળાંતરનું પ્રમાણ વધ્યું છે વસ્તી ગીચતા નું પ્રમાણ વધ્યું છે કેમિકલ કે દવા યુક્ત પદાર્થોના સેવનથી પ્રદૂષિત ખોરાકથી માનવ

ISSN: 2349-6002

આરોગ્ય જોખમાયુ છે તે દિશામાં જે તે દેશ તેની તાલીમી સંશોધન અને શિક્ષણ સંસ્થાઓમાં તેનું યથાર્થ જ્ઞાન મેળવવાના પ્રયત્નો હાથ ધરાય છે અને તેમાં મળેલા સૂચનો સમાજ અને રાષ્ટ્રને આપવામાં આવે છે જેથી સરકાર તેની જુદી યોજનાઓમાં જે તે મુદ્દાઓને મૂકી શકે તેમ જ નીતિના ઘડતરમાં તેમજ કાયદાઓનું ઘડતર કરીને લોકોને ચોક્કસ દિશા તરફ ના વલણો વિકસાવી શકાય તો જ દેશમાં સામાજિક આર્થિક ધાર્મિક વ્યવસાય પ્રાદેશિક સાંસ્કૃતિક પર્યાવરણીય સમસ્યાઓ ઘટાડી કે અટકાવી શકાશે અને નિવારણ ની દિશા તરફ સૂચનો આપી શકાય છે

## સંદર્ભ સૂચિ

[1] સંદર્ભ સૂચિ પુસ્તક નગર સમાજ શાસ્ત્ર લેખક ડોક્ટર હરીશ દોશી યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ 1999 ત્રીજી આવૃત્તિ પ્રકાશક ડોક્ટર પ્રવીણ દરજી યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત કોલેજ અમદાવાદ

[2] પુસ્તક સામાજિક વસ્તી શાસ્ત્ર લેખક એજી શાહ જે કે દવે પ્રકાશક અને આ બુક ડેપો અમદાવાદ ભરતભાઈ

[3] પશ્ચિમ ભારતના દેશી રાજ્યોમાં શહેરીકરણ અને આધુનિકરણ લેખક પીજી કોરાટ મહેબૂબ દેસાઈ પ્રકાશક ભરતભાઈ અનડા બુક ડીપોગાંધી માર્ગ અમદાવાદ